# તમારા મનને મંત્રના પ્રકાશથી ભરી દો

૧ ઑગસ્ટ, ૨૦૧૯

આત્મીય પાઠકો,

વર્ષ ૨૦૧૯માં નવા મહિનાની શરૂઆતમાં ફરી એકવાર તમારી સાથે વાર્તાલાપ કરવો એ મારા માટે ઘણા આનંદની વાત છે. સિદ્ધયોગ પથ પર વર્ષનો દરેક મહિનો ઉત્સવ મનાવવા, સન્માન કરવા અને આનંદ માણવા માટે સુઅવસરો લઈને આવે છે. ઑગસ્ટ મહિનામાં, આપણે બે એવા મંગલમય પ્રસંગોનો ઉત્સવ મનાવીએ છીએ જેનું વિશ્વભરના સિદ્ધયોગીઓ માટે ઘણું મહત્ત્વ છે — ભગવાન નિત્યાનંદની સૌર પુણ્યતિથિ અને બાબા મુક્તાનંદનો દિવ્ય દીક્ષા દિવસ.

૮ ઑગસ્ટના દિવસે, આપણે ભગવાન નિત્યાનંદની સૌર પુણ્યતિથિનો ઉત્સવ મનાવીશું, ભગવાન નિત્યાનંદને પ્રેમથી 'બડે બાબા' પણ કહેવામાં આવે છે. સૌર પુણ્યતિથિ એ દિવસની વર્ષગાંઠ છે જે દિવસે સન ૧૯૬૧માં બડે બાબાએ આ પૃથ્વી પરની તેમની યાત્રા પૂરી કરી હતી અને સદૈવ માટે પરમ ચિતિમાં વિલીન થઈ ગયા હતા. બડે બાબા એક જન્મસિદ્ધ હતા અને તેમના આશીર્વાદોથી એ બધાં લોકોનો ઉદ્ધાર થયો જેમણે તેમના ચરણકમળોમાં આશ્રય લીધો. સિદ્ધયોગ ગુરુઓની ઉત્કૃષ્ટ પરંપરામાં બડે બાબા, બાબા મુક્તાનંદના ગુરુ છે અને બાબા મુક્તાનંદ, આપણા પરમપ્રિય શ્રીગુરુમાઈના ગુરુ છે.

૧૫ ઑગસ્ટના દિવસે આપણે સન ૧૯૪૭નો એ ઐતિહાસિક દિવસ મનાવીએ છીએ, જે દિવસે બાબા મુક્તાનંદે બડે બાબા પાસેથી દિવ્ય દીક્ષા પ્રાપ્ત કરી હતી. આ પરમ જાગૃતિએ બાબા મુક્તાનંદને આત્મ-સાક્ષાત્કારના માર્ગ પર સ્થાપિત કર્યા. તેમના શ્રીગુરુની કૃપાથી, બાબાજીએ તેમની સાધનાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું. તેમણે મુક્તિ પ્રાપ્ત કરી લીધી અને એક એવા સિદ્ધ બની ગયા જેમણે શક્તિપાત દીક્ષા દ્વારા વિશ્વભરના હજારો મુમુક્ષુઓની સુષુપ્ત કુંડલિની શક્તિને જાગ્રત કરી.

મનુષ્ય જન્મની ભેટ મળવી અને એક સિદ્ધગુરુ પાસેથી શક્તિપાત દીક્ષા પ્રાપ્ત કરવી, એ આધ્યાત્મિક મુમુક્ષુનું સ્વર્ણિમ ભાગ્ય છે. મારા પોતાના જીવનમાં — શ્રીગુરુમાઈ પાસેથી શક્તિપાત દીક્ષા પ્રાપ્ત કરવાના — આ દિવ્ય અને દુર્લભ સંયોગથી વિસ્મિત થઈને, હું વારંવાર થોભીને સ્વયંને આ પ્રશ્ન પૂછું છું : ''મેં મારા શ્રીગુરુ પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી છે તેનું મારા માટે શું મહત્ત્વ છે?'' કદાચ, તમે પણ સ્વયંને આ પ્રશ્ન પૂછ્યો જ હશે. ખરું ને?

એક આધ્યાત્મિક મુમુક્ષુ તરીકે, સિદ્ધયોગ પથના વિદ્યાર્થી તરીકે અને શ્રીગુરુમાઈની એક શિષ્યા તરીકે, મેં જોયું છે કે આ પ્રશ્ન પર મનન-ચિંતન કરવાથી હું મારા જીવનની આ અસાધારણ ક્ષણની ધન્યતા પર કેન્દ્રિત થઈ જાઉં છું.

તે મારા શ્રીગુરુની શિખામણોનું પાલન કરવાની, ઉત્સુકતાપૂર્વક મારી સાધનાનું અનુસરણ કરવાની અને તેના લક્ષ્યને પ્રાપ્ત કરવાની મારી વચનબદ્ધતાને દઢતા પ્રદાન કરે છે.

***

*મધુર સરપ્રાઈઝ* ૨૦૧૯માં, શ્રીગુરુમાઈએ આપણને અનેક રીતો પ્રદાન કરી છે જેના દ્વારા આપણે આ વર્ષ માટેના તેમના સંદેશનો અભ્યાસ કરી શકીએ અને તે આપણા જીવનમાં પ્રગટ થઈ શકે. અહીં હું તેમાંની આવી જ એક રીત વિશે કહેવા માગું છું. તેમના પ્રવચનમાં, ગુરુમાઈજીએ આપણને એક વિશેષ મંત્ર આપ્યો હતો અને તેનો જપ કરવાની રીતનું વર્ણન પણ કર્યું હતું. ગુરુમાઈજીએ આપણને કહ્યું હતું કે આ રીતે મંત્રજપનો અભ્યાસ કરવાથી તે મનને તેના સાચા સ્વરૂપ સાથે, તેના પોતાના પ્રકાશ સાથે જોડી દે છે. શું તમને પ્રવચનનો આ ભાગ યાદ છે? જો ન હોય, તો તમે આ ગૂઢ શિખામણની સ્મૃતિને તાજી કરવા માટે *મધુર સરપ્રાઈઝ* ૨૦૧૯માં ફરી એકવાર ભાગ લઈ શકો છો.

શ્રીગુરુએ પ્રદાન કરેલો મંત્ર ચૈતન્ય હોય છે; તે શ્રીગુરુની શક્તિથી અનુપ્રાણિત હોય છે. આવા મંત્રનો જપ કરવાથી તે દિવ્ય આશીર્વાદોની વર્ષા કરે છે અને જે ઉદ્દેશથી તેનો જપ કરવામાં આવે છે તેને પ્રગટ કરે છે.

જ્યારે હું મંત્રજપની એ રીતનો અભ્યાસ કરું છું જે ગુરુમાઈજીએ આપણને *મધુર સરપ્રાઈઝ* ૨૦૧૯માં શીખવી હતી, ત્યારે હું અનુભવ કરું છું કે આનંદ મારા અંતરમાં નૃત્ય કરે છે તેમજ શાંતિ અને નિઃસ્તબ્ધતા મને ઘેરી લે છે. જ્યારે મારું મન તેની પોતાની આભામાં સ્નાન કરે છે, ત્યારે મને આત્મા સાથે પ્રત્યક્ષ જોડાણની અનુભૂતિ થાય છે. હું પૂર્ણપણે એ જાણી લઉં છું કે મારું મન તેના પોતાના સત્ય સ્વરૂપમાં સ્થિર થઈ રહ્યું છે.

***

ઑગસ્ટ મહિનામાં બીજા ઘણાં પ્રસંગો આવશે જેનો આપણે ઉત્સવ મનાવીશું.

રક્ષાબંધન, અમેરિકામાં ૧૪ ઑગસ્ટના દિવસે અને ભારતમાં ૧૫ ઑગસ્ટના દિવસે મનાવવામાં આવશે. તે હિંદુ પંચાંગ અનુસાર શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે મનાવવામાં આવે છે. સિદ્ધયોગ પથ પર, આ તહેવાર દરમ્યાન આપણે ગુરુ-શિષ્ય વચ્ચેના પ્રેમ અને સંરક્ષણના સંબંધનો ઉત્સવ મનાવીએ છીએ.

૧૫ ઑગસ્ટે ભારતનો સ્વતંત્રતા દિવસ પણ મનાવવામાં આવે છે, બોત્તેર વર્ષ પહેલાં, ૧૯૪૭માં આ જ દિવસે ભારત એક સ્વતંત્ર દેશ બન્યો હતો. આ યાદગાર દિવસે બાહ્ય અને અંતર રૂપાંતરણના શક્તિશાળી પરિબળો એકલય થઈ ગયા હતા, જ્યારે બાબાજીને દિવ્ય દીક્ષાની પવિત્ર ભેટ પ્રાપ્ત થઈ હતી અને ભારતને તેની આઝાદી પ્રાપ્ત થઈ હતી.

કૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ અમેરિકામાં ૨૩ ઑગસ્ટ અને ભારતમાં ૨૪ ઑગસ્ટના દિવસે મનાવવામાં આવશે. દરવર્ષે સિદ્ધયોગીઓ ભગવાન શ્રીકૃષ્ણના નામના સંકીર્તન દ્વારા અને તેમને સમર્પિત મંત્રોના ગાન દ્વારા તેમની પૂજા-આરાધના કરે છે.

***

આ મહિને સિદ્ધયોગ પથ વેબસાઇટ આપણને વાંચવા, સાંભળવા અને તેની સાથે સંલગ્ન થવા માટે શ્રેણીબદ્ધ ખજાના પ્રસ્તુત કરશે. તે એ બધાં સાહિત્યનું પ્રકાશન કરશે, જેની સાથે આપણે ગુરુમાઈજીના સંદેશના આપણા અધ્યયનને મદદ કરવા માટે સંલગ્ન થઈ રહ્યાં છીએ. તદુપરાંત, મેં ઉપર જણાવ્યું તેમ સિદ્ધયોગના પાવન પર્વોના સન્માનમાં આ મહિને તમને બોધપ્રદ લેખો, વિડીઓ, ફોટાની શૃંખલા અને કવિતાઓ જોવા મળશે. આમાંના કેટલાંક વિશેષ આકર્ષણો વિશે હું તમને જણાવવા માગું છું :

- એક મંદિર નિરાકાર — બડે બાબાના સન્માનમાં શ્રીગુરુમાઈ દ્વારા રચિત કવિતા. આ કવિતાનું પઠન કરવું એ સ્વયં એક ધારણા છે.
- ભગવાન નિત્યાનંદની વાર્તાઓ — ઑડિયો રેકૉર્ડિંગ દ્વારા.
- બાબા મુક્તાનંદનાં દર્શન અને તેમનું પ્રજ્ઞાન. બાબાજીના ઉદ્ધરણો સાથે, તેમના ફોટાના આ સંકલન દ્વારા બાબાજીની શિખામણો વિશે વધુ જાણવા મળશે અને તેમનાં પાવન દર્શન પ્રાપ્ત થશે.
- બાબા મુક્તાનંદની શિખામણો — વાંચવા, અધ્યયન કરવા અને આત્મસાત્ કરવા.
- મુક્તિની લલક 'મુમુક્ષુત્વ' — બૅન વિલિયમ્સ્ દ્વારા લિખિત એક વ્યાખ્યા.
- અભ્યાસપત્રો ૨૭-૩૧ — જે તમને શ્રીગુરુમાઈના વર્ષ ૨૦૧૯ના સંદેશ સાથે અવિરતપણે સંલગ્ન કરશે અને તમારા અધ્યયનમાં મદદ કરશે.
- ધ્યાનસત્ર ૮ : *The Miracle of the Mind*

***

મંત્રજપ એક એવો સિદ્ધયોગ અભ્યાસ છે જેની સાથે આપણે કોઈપણ સ્થાનમાં અને કોઈપણ સમયે સંલગ્ન થઈ શકીએ છીએ. ઑગસ્ટના આ મહિના દરમ્યાન, મેં યોજના બનાવી છે કે હું *મધુર સરપ્રાઈઝ* ૨૦૧૯માં ગુરુમાઈજીએ મંત્રજપની જે રીત શીખવી છે તેનો પ્રયોગ કરીને, તેમણે પ્રદાન કરેલા મંત્રનો જપ કરવાના અભ્યાસ પર કેન્દ્રિત થઈશ. અને હું તમને પણ આ જ રીતે અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરું છું. જ્યારે આપણે જપ કરીએ છીએ, ત્યારે આપણે આપણા મનને દિવ્યતાના પ્રકાશથી ભરી દઈએ છીએ.

ભારતના, સોળમી શતાબ્દીના મહાન સંતકવિ તુલસીદાસ, ભગવાન શ્રીરામના બહુ મોટા ભક્ત હતા. તેમના માટે ભગવાનનું નામ જ મંત્ર હતો જેનો તેઓ સતત જપ કરતા રહેતા. ઉત્કૃષ્ટ ભાષાલંકારનો પ્રયોગ કરીને, તુલસીદાસજી આ દોહામાં મંત્રજપના મહત્ત્વ પર ભાર મૂકે છે. તેઓ લખે છે :

> રામ નામ મનિદીપ ધરુ જીહ દેહરી દ્વાર।
> તુલસી ભીતર બાહેરહુઁ જૌં ચાહસિ ઉજિઆર।।

> તુલસીદાસ કહે છે, જો તમે ઇચ્છતા હો કે તમારી અંદર અને બહાર બંને જગ્યાએ અજવાળું થાય તો રામનામરૂપી મણિદીપને પ્રગટાવો અને તેને તમારી જિહ્વારૂપી દેહલી (ઉંબરા) પર મૂકી દો, જે તમારા અંતરંગનું પ્રવેશદ્વાર છે.[૧]

આદરસહિત,

ગરિમા બોરવણકર

---

[૧] ભાષાંતર © ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.